નિર્મળ ગુજરાત - ૨૦૦૭ અન્વયે સફાઇ વેરા
પ્રોત્સાહન અનુદાન આપવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
*ઠરાવ ક્રમાંક : નમગ-૧૧૨૦૦૭-૨૯૬૨-ર*
સચિવાલય, ગાંધીનગર.
તા. 23-FEB-2007

**ઠરાવ :**

રાજ્ય સરકારે ચાલુ વર્ષ ૨૦૦૭ નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જાહેર કરેલ છે. રાજ્યની નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે તથા નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા તેમજ તેના આર્થિક તેમજ વહીવટી માળખાને સુદ્રઢ કરવા માટે નિર્મળ ગુજરાત યોજનાની કામગીરી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

૨. લોક ભાગીદારીના ખ્યાલને કેન્દ્રમાં રાખી સમગ્ર શહેરમાં સ્વચ્છતાનું વાતાવરણ સર્જાય તે આ અભિયાનનો મુખ્ય હેતુ છે. આ માટે નગરપાલિકા અધિનિયમની જોગવાઇઓ અન્વયે નગરપાલિકાઓ સફાઇ વેરો નાંખી સફાઇની વિવિધ કામગીરી કરી શકે છે.

૩. દરેક નગરપાલિકાઓ સફાઇ વેરો દાખલ કરી શહેરને સ્વચ્છ બનાવે અને નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ ને સફળ બનાવે તે દરેક નગરપાલિકાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે નગરપાલિકાઓને તેમના વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં ઉઘરાવેલ સફાઇ વેરાની સામે સરકારશ્રી તેટલું જ ''સફાઇ વેરો પ્રોત્સાહક'' અનુદાન આપશે.

નગરપાલિકાઓએ તેઓની દરખાસ્ત કલેક્ટરશ્રીના પ્રમાણપત્ર સહિત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને રજુ કરવાની રહેશે. જેની ચકાસણી કરીને બોર્ડે અનુદાન મંજુર કરી ચુકવવાનું રહેશે.

આ અંગેનું ખર્ચ નિર્મળ શહેર યોજનામાંથી મેળવવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. ડી. ચૌધરી)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**નકલ રવાના પ્રતિ,**

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નગરપાલિકા નિયામકશ્રી, નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામક, રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકા. એન્ડ એન્ટા.) અમદાવાદ/રાજકોટ.
- પ્રમુખશ્રી/મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.
- વિભાગના સર્વે અધિકારીઓ.
- સર્વે શાખાઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ.